Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

130

# શ્રી મહર્ષિ અરવિંદના પુસ્તકોમાંથી વ્યક્ત થતું શિક્ષણદર્શન

**ડૉ.ગીતાબેન ટી.વોરા**

આસિસ્ટંટ પ્રોફેસર ic/પ્રિન્સિપાલ

શ્રીમતિ.આર.ડી.ગારડી કોલેજ ઓફ એડ્યુકેશન

પીએચ.ડી,સ્ટુડન્ટ (શિક્ષણ) રાજકોટ

**સારાંશ**

પ્રસ્તુત સંશોધન એક વિષય શિક્ષણ અને તત્વજ્ઞાનના વિશેષ અભ્યાસ અર્થે ,અભ્યાસનું ક્ષેત્ર શિક્ષણનું તત્વજ્ઞાન છે ,ગુણાત્મક સ્વરૂપનું વિષયવસ્તુ વિશ્લેષણ વ્યાપ વિશ્વ તરીકે શ્રી મહર્ષિ અરવિંદના પુસ્તકોમાં વ્યક્ત થતું શિક્ષણ દર્શન અનુવાદિત પ્રકાશિત પુસ્તકો જેમકે  શ્રી મહર્ષિ અરવિંદ દિવ્ય જીવન, શ્રી અરવિંદ નું તત્વદર્શન ,શ્રી અરવિંદ નું જીવન ,ભારતીય ચિંતકોનું શિક્ષણ ચિંતન પ્રકાશિત પુસ્તકો નો સમાવેસ સંશોધનમાં માહિતી પ્રાપ્તિ અને સંદર્ભ પ્રસંગે માટે નોંધપત્રકોને ઉપકરણ તરીકે સ્વીકારવામાં કરી માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન કરવા માટે પ્રાપ્ય માહિતીનું આગમન આત્મક વિશ્લેષણ કરી તેમાં થતું શિક્ષણદર્શનનું જ્ઞાન મેળવી .

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

શિક્ષણનું સ્વરૂપ, શિક્ષણના હેતુ,. ભાષાશિક્ષણ, ધાર્મિક અને નૈતિક શિક્ષણ, સત્ય વિશેનો ખ્યાલ, શિક્ષક – વિધાર્થી સંબધ માનસિક શક્તિ વગેરે નું જ્ઞાન મેળવે છે. વિવિધ વિચારો નું જોડાણ મજબૂત બને છે。 માનસિક શક્તિ તેમજવિવિધ ઈન્દ્રિયોની કેળવણી નીતાલીમ વિશેનો જાગૃતિ લાવી શકાય.

**ચાવીરૂપ** : શબ્દો જીવન કવન , શિક્ષણ દર્શન, કેળવણી.

**પ્રસ્તાવના**

મનુષ્યને એક સામાજિક પ્રાણી ગણવામાં આવે છે. ઈશ્વરે દરેક જીવને કંઈક ને કંઈક પ્રદાન કર્યું છે. પણ તેણે મનુષ્યને થોડું વધારે પ્રદાન કરેલ છે. કારણ કે ઈશ્વરે મનુષ્યને વિચાર કરવાની શક્તિ આપી છે. સમાજમાં આવા ઘણાં વિચારશીલ મનુષ્યો છે આવા જ એક મહાન વિચારો પ્રવર્તમાન સમાજ અને ખાસ કરીને શિક્ષણ પ્રણાલીમાં પરિવર્તન લાવનાર શ્રી મહર્ષિ અરવિંદ જે આપણાં વિચારોની નવી ક્રાંતિ જન્માવવામાં સહભાગી બને તે હેતુથી શ્રી અરવિંદ ઘોષના વિચારોનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.

**શ્રી મહર્ષિ અરવિંદ જીવન**

**પરિચય**

શ્રી અરવિંદનો જન્મ ૧૫ ઓગષ્ટ ઈ.સ. ૧૮૭૨ના દિવસે કલકત્તામાં થયો હતો. પિતા ડૉ. કૃષ્ણધન ઘોષ અને માતા શ્રીમતી સ્વર્ણલત્તા દેવીના ઘરે થયો હતો. તેઓ માતા-પિતાના ત્રણ પુત્રોનાં સૌથી નાના હતા. શ્રી અરવિંદનું બાળપણ, ઉછેર, વિદ્યાભ્યાસ, કારકિર્દી તથા જીવનના

થોડા ઘણાં અંશે આશ્ચર્યકારક તથા મનુષ્યના ઘડતરમાંના તેના પર્યાવરણના કરતા મનુષ્યની ભવિતવ્યતાના પ્રદાનની ભૂમિકાનું દર્શન કરાવનાર રહે છે. ઈ.સ. ૧૮૮૪ થી ૧૮૯૦ સુધી તેમણે પોલશાળામાં અભ્યાસ કર્યો. ઈ.સ.૧૮૯૦ થી ૧૮૯૨ના વર્ષ દરમિયાના કેમ્બ્રિજની કિંગ્ઝ કૉલેજમાં અભ્યાસ કર્યો. વિદ્યાર્થી તરીકેની તેમની કારકિર્દી તેજસ્વી રહી. ઈ.સ. ૧૮૯૩ થી ૧૯૦૫ સુધી અરવિંદ વડોદરામાં રહ્યા. ઈ.સ. ૧૯૦૪માં તેઓ વડોદરાની કૉલેજમાં ઉપાચાર્ય પદે અને ૧૯૦૫ એપ્રિલથી સપ્ટેમ્બર સુધી કૉલેજમાં કાર્યકારી આચાર્ય તરીકે રહ્યા. ઈ.સ. ૧૯૧૦ થી ૧૯૧૪ સુધીનો સમય શાંત યોગ સાધનામાં ગાળ્યો. ૧૯૨૨ શ્રી અરવિંદે પૉંડિચેરીમાં આશ્રમની સ્થાપના કરી. શ્રી અરવિંદ તેના સાચા અર્થમાં તત્વજ્ઞાની હતા. તેમણે માનસના અતિમનસ તથા માનવના અતિમાનવમાં રૂપાંતરિત થવાની દિશા ખોલી રાખી છે. શ્રી અરવિંદનું દિવ્ય જીવનનું અન્વેષણ ધ્યાનપૂર્વક આત્મસાત્ કરવા જેવું છે. ભારતીય શિક્ષણનો સિદ્ધાંત ભારતમાંથી જ ઉદ્ભવી શકે એ એમણે ચરિતાર્થ કરી આપ્યુ. પોતાનો અક્ષરદેહ અનેક યુગોમાં પ્રવર્ગમાન હોય છે. ૭૮ વર્ષની ઉંમરે ઈશ્રી મહર્ષિ અરવિંદ ના પુસ્તકોમાં વ્યક્ત થતું શિક્ષણ દર્શનનો અભ્યાસ ઈ.સ. ૧૯૫૦માં ૫ ડિસેમ્બરના રોજ ટૂંકી માંદગી બાદ વહેલી સવારે શ્રી મહર્ષિ અરવિંદે પોતાનો દેહ છોડયો. આવા સર્વતોમુખી પ્રતિભા ધરાવનાર મનિષી અવસાન પામ્યા તેમની ખોટ પૂરનાર કોઈ રહ્યું નહીં.

**સમસ્યા કથન**

પ્રયોજકે સંશોધન માટેનું શિર્ષક આ પ્રમાણે પસંદ કર્યું.

શ્રી મહર્ષિ અરવિંદના પુસ્તકોમાં વ્યક્ત થતું શિક્ષણદર્શન

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

**અભ્યાસના હેતુઓ**

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ આ પ્રમાણે રાખવામાં આવ્યા હતા.

૧. શ્રી મહર્ષિ અરવિંદના પુસ્તકમાં વ્યક્ત શિક્ષણના સ્વરૂપનો અભ્યાસ કરવો.

૨. શ્રી મહર્ષિ અરવિંદના પુસ્તકમાં વ્યક્ત થતાં શિક્ષણના હેતુઓ વિશે વિચારનો અભ્યાસ કરવો.

૩. શ્રી મહર્ષિ અરવિંદના પુસ્તકમાં વ્યક્ત ભાષાશિક્ષણના વિશેનો અભ્યાસ કરવો.

૪. શ્રી મહર્ષિ અરવિંદના પુસ્તકમાં વ્યક્ત થતું ધાર્મિક અને નૈતિક શિક્ષણ વિશેનો અભ્યાસ હાથ ધરવો.

૫. શ્રી મહર્ષિ અરવિંદના પુસ્તકમાં વ્યક્ત સત્ય વિશેના ખ્યાલનો અભ્યાસ.

૬. શ્રી મહર્ષિ અરવિંદના પુસ્તકમાં વ્યક્ત થતું શિક્ષક-વિદ્યાર્થી વચ્ચેના વ્યવહારના સંબંધો.

૭. શ્રી મહર્ષિ અરવિંદના પુસ્તકમાં વ્યક્ત શિક્ષણનું લક્ષ્ય વિશે અને માનસિક શક્તિ તેમજવિવિધ ઈન્દ્રિયોની કેળવણી નીતાલીમ વિશેનો અભ્યાસ કરવો.

**શબ્દોના સ્વીકૃત અર્થ**

પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષણ દર્શનની બાબતમાં શ્રી મહર્ષિ અરવિંદના પુસ્તકોમાં વ્યક્ત થતાં વિચારોનું શિક્ષણનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જે આ પ્રમાણે બતાવી શકાય.

૧. શિક્ષણનું સ્વરૂપ,

૨. શિક્ષણના હેતુઓ.

૩. ભાષાશિક્ષણ

૪. ધાર્મિક અને નૈતિક શિક્ષણ

૫. સત્ય વિશેનો ખ્યાલ

૬.શિક્ષક – વિદ્યાર્થી સંબધ

૭. માનસિક શક્તિ, ઈન્દ્રિયોની સાલિય કેળવી ત્રણ વ

**સંશોધનનું ક્ષેત્ર**

સંશોધનના ક્ષેત્રો ઘણાં વિશાળ છે. આજે શિક્ષણના સંશોધન હાથ ધરવા માટે

પસંદગીના ક્ષેત્રો વિપુલ અને બહોળા પ્રમાણમાં છે. પ્રયોજકે શૈક્ષણિક વિચારો વ્યક્ત કરી

**સંશોધન ક્ષેત્ર પસંદ કર્યું હતું.**

**૭.0 સંશોધનનો પ્રકાર**

પ્રસ્તુત સંશોધન ગુણાત્મક સ્વરૂપનું વિષયવસ્તુનું વિશ્લેષણ પ્રકારનું છે

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

**વ્યાપવિશ્વ અને નમૂનો**

પ્રસ્તુત સંશોધનનો વ્યાપ આ પ્રમાણે છે. અભ્યાસ માટે શ્રી મહર્ષિ અરવિંદના શિક્ષણ વિચાર સંલગ્ન પુસ્તકો લેવામાં આવેલ છે. જે આ અભ્યાસનું વ્યાપવિશ્વ છે તેમાંથી નમૂનારૂપે ચાર પુસ્તકો લેવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

૧. શ્રી મહર્ષિ અરવિંદ દિવ્ય જીવન ગ્રંથ - ૧, શ્રી અરવિંદ આશ્રમ પોંડિચેરી ૧૯૯૪.

૨. શ્રી અરવિંદનું તત્વ દર્શન, અમદાવાદ. ગ્રંથનિર્માણબોર્ડ, એમ. કે. ભટ્ટ,

૩. શ્રી અરવિંદનું જીવન, અંબાલાલ પુરાણી. દાંડિયા બજાર, વડોદરા.

૪. મહામ ભારતી ચિંતકોનું શિક્ષણ ચિંતન, અમદાવાદ.

ગ્રંથનિર્માણબોર્ડ, શાસ્ત્રી જયેન્દ્ર દવે.

ઉપરોક્ત પુસ્તકો પ્રયોજકે તારવેલ છે.

**માહિતી પ્રાપ્તિની રીત**

પ્રસ્તુત અભ્યાસમાં માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન કરવા માટે મેકમિલન અને મેકર (૧૯૮૯), ચોટલિયા (૧૯૯૩), બોગડાન અને બિકલોન (૧૯૯૮)ની સૂચનાને ધ્યાનમાં લઈને યોજના તૈયાર કરી હતી. જે આ પ્રમાણેના સોપાનો મુજબ દર્શાવી શકાય.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

1. હેતુને અનુરૂપ પસંદિત વિષયવસ્તુનું શાંત ચિત્તે વાચન.
2. પ્રાપ્ત માહિતી.
3. માહિતીના વર્ગો અંગેનો પ્રારંભિક નિર્ણય.
4. વર્ગોની વ્યાખ્યા.
5. વિષયવસ્તુનું વિસદ્દ વાચન.
6. વર્ગીકરણ યોજના અંગે તજજ્ઞીય અભિયપ્રાય.
7. વર્ગ માટેના કાર્ડ.
8. વર્ગીકરણ યોજનાનું યથાર્થીકરણ.

**માહિતીની રજૂઆત, પૃથક્કરણ અને અર્થઘટન**

ગુણાત્મક સંશોધનમાં માહિતી એકત્ર થયા પછી માહિતીમાંથી જ સિદ્ધાંતો શોધવામાં આવે છે.

પ્રસ્તુત અભ્યાસમાં માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન કરવા માટે પ્રાપ્ય માહિતીનું વિશ્લેષણ કર્યું એટલે કે વિષયવસ્તુને શિક્ષણ અને તત્વજ્ઞાનને એક વિચાર એકમમાં સ્થાન દઈ સાત વિભાગોમાં વર્ગીકરણ કર્યું. પ્રથમ પ્રાથમિક વિભાજન કર્યા બાદ મુલાકાતગત વિદ્વાનોના અભિપ્રાય અનુસાર માહિતી વર્ગીકૃત કરી હતી. ત્યાર પછી આ વર્ગીકરણનું સ્પષ્ટ આલેખન સમીક્ષાત્મક સંદર્ભયુક્ત તૈયાર કરવામાં આવ્યું. વિષયવસ્તુમાંથી અર્થઘટનો તારવવામાં આવ્યા. અને અર્થઘટનોની યથાર્થતા નક્કી કરવા સંદર્ભ પુસ્તકોનો આધાર આપવામાં આવ્યો હતો. માહિતીને વિશ્લેષિત કર્યા બાદ તેનું સંયોજન કરીને નિષ્કર્ષો તારવવામાં આવ્યા હતા.

**સંશોધન પદ્ધતિ**

સંશોધન પદ્ધતિઓ ત્રણ પ્રકારની હોય છે.

૧. ઐતિહાસિક પદ્ધતિ

૨. વર્ણનાત્મક પદ્ધતિ અને

ઉપર્યુક્ત ત પદ્ધતિઓ પૈકી પ્રયોજકે વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

**તારણો**

શ્રી મહર્ષિ અરવિંદના અનુવાદિત પુસ્તકોમાંથી શૈક્ષણિક વૈચારિક દર્શાવતા સંદર્ભના અભ્યાસના અંતે મળેલ તારણો આ પ્રમાણે દર્શાવી શકાય.

**૧. શિક્ષણના સ્વરૂપને પ્રદર્શિત કરતા તારણો**

- શિક્ષણનું લક્ષ્ય મનુષ્યને ઉચ્ચ જીવનની પ્રાપ્તિ કરાવવાનું છે.
- શિક્ષણનું ઉદ્દેશ્ય રુચિ ઉત્પન્ન કરવાનું છે. માનવીનો યોગ્ય વિકાસ કરવાનું છે.
- માત્ર માહિતી જ્ઞાનવર્ધન કરવાનું નથી.
- શ્રી મહર્ષિ અરવિંદ શિક્ષકને બાળકની આત્મિક ગુણવતાઓને સ્પર્શવાની સલાહ આપે છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

### ૨. શિક્ષણના હેતુઓને સ્પષ્ટ કરતાં તારણો

- શિક્ષણના હેતુ શિક્ષણ ચિંતનમાં સાચા મનુષ્યને બહાર લાવી આત્માના વિકાસનો ધર્મનો ઉત્કર્ષ શિક્ષણનો મુખ્ય હેતુ છે.
- શિક્ષણનો કેન્દ્રવર્તી હેતુ તો માનવ મન અને આત્મતત્વની શક્તિઓના ચણતરની છે.
- વિદ્યાર્થી પોતાના પરિવશેના જગત સાથે ગાઢ સંબંધ કેળવે તે બાબતને વિશેષ નવાજી છે. અને સાચા અર્થમાં સંસ્કૃતિ સાથે ઘનિષ્ટતા કેળવે.
- શિક્ષણનો હેતુ સમગ્ર જીવનથી ભિન્ન એવા માનવજીવનને અભિન્ન બનવાની ક્ષમતા તેમજ જ્ઞાન પ્રત્યેની પ્રતિબદ્ધતા હોવી જોઈએ.
- શિક્ષણનો હેતુ પોતાના અસ્તિત્વને જાણે પોતાનામાં રહેલી અંધશ્રદ્ધા દૂર કરી સાચા અર્થમાં કેળવણીયુક્ત જ્ઞાન સમજે.

### 3. ભાષાશિક્ષણનો અભ્યાસક્રમ દર્શાવતા તારણો

- માતૃભાષા દ્વારા જ કેળવણી આપવી જોઈએ.
- કેળવણી દ્વારા જ સ્વભાષાનો વિકાસ આપી શકાય.
- કેળવણી દ્વારા ભાષાને ઘડવી તેમાં કલ્પનાશક્તિ વિચારોનો ભંડાર છે.
- ભારતીય સંસ્કૃતિને સમજવા માટે માતૃભાષા હથોટી, સામર્થ્ય કેળવવું.

### ૪. ધાર્મિક નૈતિક શિક્ષણ વિષયક તારણો

- મનુષ્ય દરેક ધર્મને સમાન અને દરેક ધર્મ પ્રત્યે આદર રાખવી જોઈએ.
- ધર્મને જીવનગત બનાવવાનો છે. સાચો ધર્મ જીવવાનો હોય છે.
- સાધના, આધ્યાત્મિકતા, સંવેગો, નમ્ર સંસ્કારો કેવી 'સ્વ'ની તાલિમ લઈ ગુણદોષને સમજી મૂલ્યની પ્રતિષ્ઠા કરવી.
- ધર્મક્ષેત્ર વિશાળ વ્યાપક હોવું જોઈએ તેના પર નૈતિકતાના મૂલ્યોનું ઉપયોજન એ ધાર્મિક, નૈતિક શિક્ષણનું હાર્દ છે.

### ૫. સત્ય વિશેનો ખ્યાલને પ્રગટ કરતા તારણો

- પોતાની અંદર રહેલાં આત્માને જાણવો તે પરમ સત્ય.
- પરમાત્માની સાધન, ભક્તિ અને પ્રેમ જ પરમ સત્ય.
- પાર્થિવ વાસનાઓનો સદાય માટે ત્યાગ તે જ પરમ સત્ય.
- બીજા પ્રત્યેનું મનુષ્યનું સહાનુભૂતીપૂર્ણ આચરણ એટલે પરમસત્યની પ્રાપ્તિ.

### ૬.શિક્ષક-વિદ્યાર્થી સંબંધ વિષયક તારણો

- શિક્ષક અને વિદ્યાર્થીએ એકબીજા પ્રત્યે ધૃણા ન કરવી જોઈએ. અને પ્રત્યેકમાં દયા અને કરુણા વગેરે જેવા ગુણોનો વિકાસ થવો જોઈએ.
- વર્ગખંડમાં વ્યાખ્યાન આપવું તેટલું જ અધ્યાપકનું કાર્ય નથી. પરંતુ વિદ્યાર્થીની સમસ્યા જાણી તેને ઉકેલવાનું કાર્ય પણ અધ્યાપકે કરવાનું છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

- સફળ અધ્યાપક બનવા માટે વિદ્યાર્થી પ્રત્યે શિક્ષકનો પ્રેમ એ ભાવાત્મક, લાગણીસભર એ બૌદ્ધિક યોગ્યતા કરતાં વધારે મહત્વનું છે.
- શિક્ષક-વિદ્યાર્થીમાં યોગ્ય તાદાત્મીય કેળવાય અને પરમજ્ઞાનની મંઝીલ સુધી પહોંચે એ અનિવાર્ય છે.

**૭. માનસિક શક્તિ, ઈન્દ્રિયોની તાલિમ કેળવણીયુક્ત શિક્ષણ લક્ષ્ય વિષયક તારણો**

- સૌ પ્રથમ તો બાળકને જીવનકર્મ અને જ્ઞાનમાં રસ લેતું કરવું જોઈએ.
- શિક્ષકનું પ્રથમ કર્તવ્ય ઈન્દ્રિયોપૂર્ણ વિકાસ શક્ય બનાવવાનું છે.
- ઈન્દ્રિયોની ચોકસાઈ, સંવેદનશીલતાની આડે આવતા વ્યવધાનોને સમજી તેને દૂર કરવા જોઈએ.

વિધાર્થીઓ અને અધ્યાપક બંનેનો ઉત્સાહ વધે તેવી પહિત હોવી લઈએ.ભારતીય વિચારધારા મુજબ ને પંચે વિરત પ્રભુત્વ મેળવી શકાય તેવી પૂર્ણ પ્રથાનો જ વિચાર કરવો શિક્ષણનો કેન્દ્રવર્તી હેતુ છે.શિ, નૈતિક ટેવોની શુદ્ધિનો પાર્થ સૂચવે છે ઉપરાંત ચારિત્ર્ય અને સંસ્કૃતિને જાગૃત કરવાનો હેતુ છે.

**શૈક્ષણીકફલિતાર્થી**

પ્રયોજકે શ્રી મહર્ષિ અરવિંદના પુસ્તકોમાં વ્યક્ત થતું શિક્ષણદર્શન તે અંગેનું માર્ગદર્શન તેના આધારે હેતુ અને પદ્ધતિ નક્કી કર્યા બાદ શૈક્ષણિક ફલિતાર્થી તારવવાનું નક્કી કર્યું હતું. તે આ મુજબ છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

૧. શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓના સ્વ'ને જાગૃત કરવા પ્રેરણા મળી રહે તેવા પ્રયત્ન થવા જોઈએ.

૨. વિદ્યાર્થીઓમાં માનસિક કે શારીરિક તણાવ અનુભવે ત્યારે માનસિક સ્થિતિ જાણવી, આજુ-બાજુની પરિસ્થિતિ જાણવી અને યોગ્ય માર્ગદર્શન મળી રહે તેવા લાગણીશીલ સંબંધો સ્થાપવા જોઈએ.

૩. શિક્ષણ દ્વારા વિધાર્થી પોતાની વિશિષ્ટ શક્તિ ખીલવી શકે અને ગમે તેવી પરિસ્થિતિમાં સક્ષમ ઉભો રહી શકે તેવું શિક્ષણ મળવું જોઈએ.

૪. વિધાર્થીઓની રસ-રૂચિ જાણી કર્તવ્યનિષ્ઠ બને તેવા પ્રયત્ન થવા જોઈએ.

૫. સ્વ સુઝથી સમસ્યા ઉકેલી શકે તેવું માર્ગદર્શન મળવું જોઈએ.

૬. ઐક્યની ભાવના કેળવાવી જોઈએ.

૭. શિક્ષણકાર્ય દ્વારા જિજ્ઞાસા વધે અને બુદ્ધિપૂર્વક પ્રશ્નો અને પરિપ્રશ્નો કરી શકે તેવું જ્ઞાન પ્રાપ્ત થવું જોઈએ.

૮. જીવન ઉપયોગી અને જીવનલક્ષી શિક્ષણ પ્રાપ્ત થવું જોઈએ. કર્તવ્ય પરાયણતા અને પ્રાચીન સંસ્કૃતિનું રક્ષણ થવું જોઈએ.

૯. શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓની સર્વાંગી વિકાસ થાય અને સાથે સાથે સુસંસ્કૃત સમાજ નિર્માણ થવો જોઈએ.

૧૦. શિક્ષણ દ્વારા સદ્વિચારોનું ઘડતર અને જીવનમાં તેવા વિચારોનું આચરણ થવું જોઈએ.

૧૧. અધ્યાપક, માર્ગદર્શક, મિત્ર અને તત્વજ્ઞાની હોવા જોઈએ.

૧૨. ચારિત્ર્યનું ઘડતર, આત્મશ્રદ્ધા સાથે ઈશશ્રદ્ધા તેમજ નૈતિક શિક્ષણ ટકી રહે તે રીતે શિક્ષણ મળવું જોઈએ.

૧૩ શિક્ષણકાર્ય બાદ તે વિશે વિદ્યાર્થીઓ જીતે મનન અને ચિંતન કરી શકે તેવા સક્ષમ બનાવવા જેઈએ.

૧૪. શિક્ષણકાર્ય શાંતિથી અર્થપૂર્ણ સમજ પ્રાપ્ત કરે તે રીતે થવું જોઈએ. જેથી નવું જ્ઞાન પ્રાપ્ત કરવું સરળ બને.

**ભાવિ સંશોધનની ભલામણો**

પ્રસ્તુત અભ્યાસના અંતે પ્રયોજકે આ સંશોધનમાં તારણોને ધ્યાનમાં લઈને આ મુજબની ભલામણો કરવામાં આવી છે.

1. પ્રસ્તુત અભ્યાસ શ્રી મહર્ષિ અરવિંદના પ્રકાશિત પુસ્તકોમાં વ્યક્ત થતું શિક્ષણદર્શન તારવવા અંગેનું હતું. આ ઉપરાંત જ્ઞાનમીમાંસા, મૂલ્ય મીમાંસા, નૈતિકતાના મૂલ્ય વિષયક સંદર્ભોનું વર્ગીકરણ કરી ગુણાત્મક સંશોધન હાથ ધરી શકાય.

૨. સંદર્ભ પસંદગીમાં ચાર જ પુસ્તકો પસંદ થયા છે. તેને બદલે પ્રકાશિત અન્ય પુસ્તકો આધારિત શૈક્ષણિક તત્વજ્ઞાન વિષયક અભ્યાસ હાથ ધરી શકાય.

૩. શ્રી મહર્ષિ અરવિંદના પ્રકાશિત પુસ્તકોમાં વ્યક્ત થતું આધ્યાત્મિક દર્શન એ અંગે પણ સંશોધન હાથ ધરી શકાય.

**સંદર્ભ સાહિત્ય**

૧. શ્રી મહર્ષિ અરવિંદ દિવ્ય જીવન ગ્રંથ - ૧, શ્રી અરવિંદ આશ્રમ પોંડિચેરી ૧૯૯૪.

૨. શ્રી અરવિંદનું તત્વ દર્શન, અમદાવાદ. ગ્રંથનિર્માણબોર્ડ, એમ. કે. ભટ્ટ,

૩. શ્રી અરવિંદનું જીવન, અંબાલાલ પુરાણી. દાંડિયા બજાર, વડોદરા.

૪. મહામ ભારતી ચિંતકોનું શિક્ષણ ચિંતન, અમદાવાદ. ગ્રંથનિર્માણબોર્ડ, શાસ્ત્રી જયેન્દ્ર દવે.